# MyCARE

With me, every step of the way




“ઇન્જેક્શનનું સ્થાન બદલવાની અગત્યતાને જોતાં, **ચાલો સમજીએ કે ‘લિપોહાયપરટ્રોફી’ શું છે** અને તમે તેને કેવી રીતે શોધી શકો છો.”

USV


**લિપોહાયપરટ્રોફી (LIPO) ચામડીની સપાટીની તરત નીચે ચરબીની જમાવટ છે.**

ત્વચા તમારા શરીરની બાકીની ત્વચા કરતાં ગઠ્ઠીવાળી અને મજબૂત લાગશે, સામાન્ય રીતે જો સમયાંતરે ત્વચાના એક જ ભાગમાં બહુવિધ ઇન્જેક્શન આપવામાં આવે તો સામાન્ય રીતે થાય છે.




નોંધ : લિપો સાઇટ્સ પર પીડા સંવેદના ઓછી થાય છે જે સૂચક હોઈ શકે છે

**લિપો ગઠ્ઠાઓ ઇન્સ્યુલિનને યોગ્ય રીતે કામ કરતા અટકાવે છે.** જ્યારે ત્વચા ગઠ્ઠાદાર બની જાય, અને ગઠ્ઠાવાળા ભાગમાં ઇન્સ્યુલિન ઇન્જેક્ટ કરવામાં આવે, **ત્યારે તે સમાનપણે શોષાઈ શકતું નથી.**



આનો અર્થ એ છે કે, **ઇન્સ્યુલિનને**
**શોષાવામાં વધુ સમય લાગે છે,**
જેને લઈને લોહીમાં શર્કરાનું સ્તર વધે છે,
**અથવા તે અતિ ઝડપભેર શોષાય છે,**
જેને કારણે હાઈપોગ્લાયસેમિઆ સંભવે છે.




ઈન્જેક્શન સાઇટ્સની નિયમિત તપાસ કરીને **લિપો જમાવટને ઓળખવું મહત્વપૂર્ણ છે**




# લિપો કેવી રીતે શોધી શકાય ?

તમે જે સ્થાને ઈન્જેક્ટ કરો છો
એ જગ્યાએથી અને તેની ઉપરથી,
**કોઈપણ સંકોચક વસ્ત્રો દૂર કરો**



પૂર્ણ-લંબાઈના અરીસામાં
**તમારી જાતનું અવલોકન કરો**




**ઈન્જેક્શનના સ્થાન ની આસપાસ બે આંગળીઓ મૂકો.**

આંગળીઓને ઘુમાવદાર રીતે સરકાવવાની સાથોસાથ, ચરબીના સ્તરમાં નીચે તરફ અથવા ઊંડે દબાવો.




જો તમે પરીક્ષણ વિસ્તારમાં જેલ અથવા મોઇશ્ચરાઇઝર લગાવો છો, **તો તમને પરીક્ષણ કરવાનું વધુ સરળ** અને વધુ આરામદાયક લાગશે.




નોંધઃ તમે સાબુવાળી ત્વચાથી સ્નાન કરતી વખતે પણ આ કરી શકો છો

જો લિપો ન હોય તો, જો પેશી
સ્વસ્થ હોય તો, **તમારી આંગળીઓ
સરળ રીતે કોમળ ચરબી કોષોને દબાવશે.**




જો લિપોસ ઉપસ્થિત હશે તો,
**તો તમારી આંગળીને સખતાઈ / રબર જેવી પેશીઓના પ્રતિકારની અનુભૂતિ થશે.**




# લિપોહાયપરટ્રોફી નિવારવી


**એક જ સ્થાન પર વારંવાર**
**ઈન્જેક્ટ કરશો નહીં**
અળેફ લળઇચ
અને સ્થાન ફેરબદલીને અનુસરો.
છેલ્લા ઈન્જેક્શનના બિંદુથી
**લગભગ એક આંગળીની પહોળાઈ**
**દૂર ઈન્જેક્શન કરો.**



સોયનો એક જ વાર ઉપયોગ કરવાનો
**પ્રયાસ કરો અને અનુસરો**




ગઠ્ઠા માટે નિયમિતપણે
ઈન્જેક્શનના
**ક્ષેત્રનું નિરીક્ષણ કરો**



# જો લિપોહાયપરટ્રોફી હોય તો શું કરવું?

જ્યાં સુધી તે સંપૂર્ણપણે સાજું ન થાય ત્યાં સુધી **એક જ સ્થાનમાં ઈન્જેક્ટ કરશો નહીં.** આમાં 2-3 મહિના જેટલો સમય લાગી શકે છે.



**જો તમે જ્યાં ઈન્જેક્શન લેતા હો ત્યાં કોઈ ગઠ્ઠો, બમ્પ અથવા સોજો દેખાય તો** તરત જ તમારા ડોક્ટર અથવા **MyCARE** ડાયાબિટીસ એજ્યુકેટરને જાણ કરો.



“વધુ માહિતી માટે તમારા ડૉક્ટરનો સંપર્ક કરો અથવા તમારા **MyCARE ડાયાબિટીસ એજ્યુકેટર**નો સંપર્ક કરો.”



MyCARE

With me, every step of the way

## Reference


1. Gentile, S., Guarino, G., Giancaterini, A., Guida, P., Strollo, F., & AMD-OSDI Italian Injection Technique Study Group (2016). A suitable palpation technique allows to identify skin lipohypertrophic lesions in Insulin-treated people with Diabetes. SpringerPlus, 5, 563. https://doi.org/10.1186/s40064-016-1978-y

2. Diabetes.co.uk . Lipohypertrophy – Injections and Lumpy Skin (2019). Available at https://www.Diabetes.co.uk/conditions/lipohypertrophy.html

3. Tandon N, Kalra S, Balhara YPS, et al. Forum for Injection Technique and Therapy Expert Recommendations, India: The Indian Recommendations for Best Practice in Insulin Injection Technique, 2017. Indian J Endocrinol Metab. 2017;21(4):600-617. doi:10.4103/ijem.IJEM_97_17


Issued in Public Interest by USV

The guide/presentation/content/literature is for general information, guidance and educational purposes only and is not complete or exhaustive. The guide /presentation/content/literature is not intended or implied to replace or substitute any current practice and or advice/guidance/diet provided by healthcare professionals. This guide/presentation/content/literature does not constitute any treatment/therapy/medication/diet/opinions for any patients who are on diabetes medication, the patients are required to prior consult their healthcare professional before acting on any change on treatment/therapy/ medication/diet and/or opinions. USV Private Limited makes no representations as to accuracy, completeness, correctness, suitability or validity of any information contained in this guide/presentation/content/ literature and will not be liable for any losses, injuries or damages arising from its use.